EDII

Divya Bhaskar

July 2, 2016
Page No. 3
Of City Bhaskar

### EDIIના પ્રો.બિપિન શાહે બાયોટેકનોપ્રિન્યોરશિપ વિશે કહ્યું કે

# બાયોટેક્નોલોજીમાં માર્ગદર્શનના અભાવે આંત્રપ્રિન્યોર ફેઈલ જાય છે

સિટી રિપોર્ટર @ahm_cb

ઈડીઆઈઆઈ દ્વારા ગુજરાતમાં ફાર્મા અને બાયોટેકનોલોજીના ક્ષેત્રે ઉદ્યોગસાહસિકતાની તકોને ધ્યાનમાં રાખી બાયોટેકનોપ્રિન્યોરશીપ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે. 10 મહિનાના આ પ્રોજક્ટમાં બાયોટેકનોલોજીના ક્ષેત્રે આગળ વધવા ઈચ્છતા આંત્રપ્રિન્યોરને આ ઈન્ડસ્ટ્રીઝમાં કઈ રીતે ન્યુ સ્ટાર્ટઅપ શરૂ કરવુ તેની માહિતી આપવામાં આવશે. ઈડીઆઈઆઈ ખાતે અત્યાર સુધી આ કોર્સ હેઠળ બાયોટેકનોલોજીના ક્ષેત્રે સફળતા પૂર્વક સ્ટાર્ટઅપ શરૂ કરનારા 11 આંત્રપ્રિન્યોરે પોતાના અનુભવો અને આ ફિલ્ડમાં રહેલા ચેલેન્જ વિશે માહિતી આપી હતી.આ પ્રોગ્રામના ડિરેક્ટર બિપિન શાહે કહ્યું કે,'આ ક્ષેત્રે આગળ વધવા બાયોટેકનોલોજીનું ઉડાણપૂર્વક નોલોજ હોવુ જરૂરી છે. વળી આ ક્ષેત્રે માળખાકિય સુવિધાઓ જેવી કે ઈન્ફાસ્ટ્રક્ચર અને આધુનિક લેબ પાછળ ખૂબ ખર્ચ થતો હોવાથી આપણે ત્યા બાયોટેકનોલોજીના સ્ટાર્ટઅપનો અભાવ જોવા મળે છે. આઈટી ક્ષેત્રે સ્ટાર્ટઅપ શરૂ કરવું સહેલું છે પણ બાયોટેકનોલોજીના ક્ષેત્રે સ્ટાર્ટઅપ શરૂ કરવું અઘરુ છે.' ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશનના સેક્ટર સ્પેશિયાલિસ્ટ આનંદ ભાકલકરે કહ્યું કે,'બાયોટેકનોલોજીના ક્ષેત્રે ગુજરાતમાં બિઝનેસની વ્યાપક તકો રહેલી છે.પણ યોગ્ય માર્ગદર્શનના અભાવે આંત્રપ્રિન્યોર આ ક્ષેત્રે ફેઈલ થતા હોય છે.આવા લોકોને બાયો ઈન્ડસ્ટ્રીઝ વિશે પાયાનું નોલેજ મળી રહે અને તેઓ સફળતા પૂર્વક સ્ટાર્ટઅપ શરૂ કરી શકે તેવા ઉદ્દેશ્યથી અમે આ પ્રોગ્રામ બનાવ્યો છે.'



• સ્ટાર્ટઅપ શરૂ કરનાર 11 આંત્રપ્રિન્યોરે પોતાના અનુભવો અંગે વાત કરી હતી.